| PUBLICATION NAME : | Divya Bhaskar |
| --- | --- |
| EDITION : | Ahmedabad |
| DATE : | 27/02/2025 |
| PAGE : | 02 |

City ભાસ્કર

Date : 27.02.2025 Page : 02

# 'ઉદ્યોગસાહસિકતા શક્તિશાળી બળ છે જે, સારા ભવિષ્યનું નિર્માણ કરે છે'

## EDIIમાં યોજાયેલ 16મા સંમેલનમાં પ્રો.ડૉ.ટી.વી રાવે કહ્યું

**અમદાવાદ:** આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા દ્વારા 16મો દ્વિવાર્ષિક સંમેલન યોજાયો. ઉદ્યોગસાહસિકતા પર આધારિત 3 દિવસીય આ સંમેલનમાં સંશોધકો, શિક્ષણવિદો અને અભ્યાસકર્તાઓ જોડાયા છે. આ સંમેલનના ઉદઘાટન સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે લર્નિંગ સિસ્ટમ્સ પ્રા. લિ.ના ફાઉન્ડર-ચેરમેન પ્રો.(ડૉ.) ટી.વી. રાવ ઉપસ્થિત રહ્યાં હતા. જેમણે જણાવ્યું હતું કે,'આજના ગતિશીલ અર્થતંત્રમાં, આર્થિક વૃદ્ધિ અને વ્યાવસાયિક પ્રગતિને આગળ વધારવા માટે ઉદ્યોગસાહસિકતાનો વિકાસ નિર્ણાયક છે.

હું માનું છું કે, ઉદ્યોગસાહસિકતા એક મિશન અને એક શક્તિશાળી બળ છે જ્યાં વ્યક્તિઓ વાસ્તવિક દુનિયાની સમસ્યાઓ ઉકેલવા માટે ટેકનોલોજી અને નવીનતાનો લાભ ઉઠાવીને બધા માટે વધુ સારા ભવિષ્યનું નિર્માણ કરે છે. આ ક્ષેત્રના મહત્ત્વને જોતાં ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપવા માટે નિયમિત સંશોધન અને નીતિ મહત્વપૂર્ણ છે.'

આ સંમેલનને સંબોધતા EDIIના ડાયરેક્ટર જનરલ ડૉ. સુનિલ શુક્લાએ જણાવ્યું કે,'દ્વિવાર્ષિક પરિષદ દ્વારા સતત વિશ્વભરના સંશોધકો અને શિક્ષકો માટે એક મંચ પૂરુ પાડવામાં આવે છે. સંમેલન થકી તેઓ તેમના વિચારો અને નવીનતાઓ શેર કરે છે ઉદ્યોગસાહસિકતાની જટિલતાઓને સમજવા માટે મહત્વપૂર્ણ ભાગ ભજવે છે.

અગ્રણી સંશોધકો અને શિક્ષકોને એક સાથે લાવીને આ મંચ સંશોધન તારણોના પ્રસારને સરળ બનાવે છે સાથે નવા દૃષ્ટિકોણોને પ્રોત્સાહન પણ આપે છે અને ઉદ્યોગસાહસિકના ભવિષ્યને આકાર આપે છે.' આ સંમેલનમાં ઉદ્યોગસાહસિકતા અને સમાજ પર કેન્દ્રિત જર્નલ ઓફ આંત્રપ્રિન્યોરશિપનું 33મું વોલ્યુમ રિલીઝ કરવામાં આવ્યું હતું.'